Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુસ્તક ૩૫
અંક ૩ જો.
આશ્વિન.

આત્મ સં. ૪૨
વીર સં. ૨૪૬૩
રૂ. ૧-૪-૦

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | આરદ્દા. ... ... | ( છોટમ અ. ત્રિવેદી ) ... ... | ૪૯ |
| ૨. | શુષ્ક જીવન કેમ ખીલે-વિકસે? | ( સ. ક. વિ. ) ... ... | ૫૦ |
| ૩. | શિયળની સજ્ઝાય ... | ( ,, ) ... ... | ૫૦ |
| ૪. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... | ... ... | ૫૧ |
| ૫. | આનંદ યોગ | (અનુ૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ) ... ... | ૫૫ |
| ૬. | પ્રતિપક્ષનિરાસ પ્રકાશ ... | ( સ. ક. વિ. ) ... ... | ૬૦ |
| ૭. | જૈન ઐતિહાસિક નોંધ | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ... ... | ૬૨ |
| ૮. | ધર્મપ્રશંસા ... ... | ( સ. ક. વિ. ) ... ... | ૬૪ |
| ૯. | અધ્યાત્મકલ્પદ્રુમ-અનુ૦ | (ભગવાનલાલ મનઃસુખભાઇ મહેતા)... ... | ૬૫ |
| ૧૦. | સુભાષિત વાક્યો ... ... | ( મુમુક્ષુ મુનિ ) ... ... | ૬૮ |
| ૧૧. | વર્તમાન સમાચાર ... ... ... .. | ... | ૭૩ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( બીજા પર્વથી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.

૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો (શુભ) પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ (સદંતર) વિનાશ પામે,–આ (માનવજન્મનું) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३९] वीर सं. २४६३. आश्विन, आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [अंक ३ जो.

## "આરદા."

પુષ્પિતાગ્રા છંદ–

જય ! જય ! શ્રી મહાવીર દયાળુ દેવા ! ભયહર વિભુજી ! હું કરું સુ–સેવા !
તમ દરશનથી સદા સુખી છું, શરણ ત્યજે પ્રભુ હું ઘણો દુઃખી છું !!
હે ભક્તવત્સલ ! ભક્ત તારનારા, ગુણ ગણી કેમ શકાય નાથ ! ત્હારા ?
અજર અમર છો તમો કૃપાળુ ! કર ધરી "જૈન"ને તારજો દયાળુ !!

ગીતિ–

જય શ્રી ! જય શ્રી ! મહાવીર, વંદન તમને કરું પ્રભુ પ્યારા,
ભવ–બંધનનું ખંડન કરી, બચાવો ! શ્રી મહાવીર ! મ્હારા.

"છોટમ" અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુષ્ક જીવન કેમ ખીલે–વિકસે ?

અચળતા પ્રિય ! ના જગમાં કહી, જીવન શુષ્ક બને ઘડીમાં વળી,
વહી જતું ટૂંકું આયુષ્ય સત્વર, મનનું સર્વ રહે મનમાં ખરે. ૧

નહિ જગે સુખ સર્વ ગ્રહાય છે, પ્રભુની મીઠી દયા ન પમાય છે,
દૈવની ગેબી કળા ન કળાય છે, નહિ અહીં નહીં ત્યાંય વસાય છે. ૨

હૃદયનો ધ્વનિ એક કહે કંઇ, સુકૃત તું જગમાં કરજે અતિ,
કમળ જેમ બહુ વિકસે–ખીલે, હૃદય તેમ સદા વિકસાવજે. ૩

સુકૃત શ્રી પ્રભુ ખાતર કો દિને, જીવન વેલ લીલી જ બતાવશે,
ભલું કરો નિત્ય તો નર તેથી સૌ, મનની શાન્તિ અહીંતહીં પામશે. ૪

## શિયળની સજ્ઝાય.

(ધન્ય ધન્ય તે દિન માહરો–એ ટેક.)

શિયળ સમું વ્રત કો નહીં, શ્રી જિનવર ભાખે રે,
સુખ આપે જે [1]શાશ્વતાં, દુર્ગતિ પડતાં રાખે રે. શિયળ૦ ૧

વ્રત પચ્ચખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે,
એક જ શિયળને બળે, ગયા મુક્તિ[2] તેહ રે. શિયળ૦ ૨

સાધુ અને શ્રાવકતણાં, વ્રત છે સુખદાયી રે,
શિયળ વિના વ્રત જાણજો, કુશકા[3] સમ ભાઈ રે. શિયળ૦ ૩

ત વર મૂળ વિના જિસ્યો, ગુણ વિના લાલ કમાન રે,
શિયળ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. શિયળ૦ ૪

નવ વાડે કરી નિર્મળું, પહેલું શિયળ જ ધરજો રે,
ઉદયરત્ન કહે તે પછી, વ્રતતણો ખપ કરજો રે. શિયળ૦ ૫

સ. ક. વિ.

૧. અક્ષય-અખંડ. ૨ મોક્ષે ગયા. ૩ નજીવા. શિયળની રક્ષા માટે જે નવ વાડો પાળવા ભગવંતે ભાખ્યું છે તે માટે બ્રહ્મચર્ય વિચાર, શીલનો મહિમા વિગેરેનું ઠીક અવલોકન કરવું ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૩૨ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

સદ્વિચારોથી આરોગ્યની સુધારણા, ક્રિશ્ચિયન સાયન્સ વિગેરેથી વિચારોની કાર્યક્ષમતા યથાયોગ્ય રીતે સિદ્ધ થઇ શકે છે. ઉત્તમ વિચારોથી ઉત્તમમાં ઉત્તમ અને મહાન્ આશ્ચર્યકારી પરિણામો નીપજી શકે છે. મનુષ્ય અને તેના મૃતદેહમાં વિચારોની અર્થાત ચિત્તની દૃષ્ટિએ જ વિભેદ છે. પૂર્વકાલીન આપ્ત પુરુષો ચિત્ત-શક્તિને અપૂર્વ મહત્ત્વ આપતાં. પોતાના ઉપદેશમાં રાઈના દાણા જેટલી, અર્થાત્ સ્વલ્પ શ્રદ્ધાથી મહાન્ આશ્ચર્યકારી કાર્યો થઇ શકે એવો જીસસ ક્રાઇસ્ટ ઘણીયેવાર બોધ આપતા હતા. મનુષ્યને ખરી શક્તિની પ્રાપ્તિ કેમ થાય અને મનુષ્ય આશ્ચર્યકારી કાર્યો કેવી રીતે કરી શકે તે સંબંધમાં ઇન્જીલ( બાઇબલ )માં ઘણાંયે દ્રષ્ટાન્તો આપેલાં છે. આમાં માર્ક ૨૧( ૧૯-૨૦ )નું દ્રષ્ટાન્ત સૌથી વિલક્ષણ છે.

ઈન્જીલના આ દ્રષ્ટાન્તો નિરર્થક કે વ્યર્થ પ્રલાપરૂપ છે એમ હવેના ઘણા મનુષ્યો માને છે. જે મનુષ્યોમાં ઈન્જીલ પ્રત્યે શ્રદ્ધા છે અને જેઓ એ પ્રમાણભૂત મહાન્ ધર્મગ્રંથ માને છે તેઓ એ દ્રષ્ટાન્તો બાઇબલના વખતના લોકોને જ ઉપયોગી હતા એમ માની ચિત્તનું સમાધાન કરે છે. શ્રદ્ધાળુ જનોની આ વૃત્તિ યથાર્થ નથી. બાઇબલનાં સત્યો અમુક એક કાળ માટે ન હોય. એ સત્યો ચિરસ્થાયી અને શાશ્વત છે. એ સત્યો આપણે સમજતા નથી કે એ સત્યોમાં આપણને શ્રદ્ધા રહી નથી. ચિત્તની શક્તિ વિષયક આપણું અજ્ઞાન એટલું બધું છે કે, ચિત્તની શક્તિનાં શાસ્ત્રમાં આપણને નિરર્થકતા લાગે છે. એ શાસ્ત્રનો અભ્યાસ કરવો એ ગૌરવને ક્ષતિરૂપ જણાય છે. દ્રવ્ય, પદવી, કૃત્રિમ દૃશ્યો આદિમાં જ ગૌરવ હોય એવી માન્યતા પ્રવર્ત્તે છે. ક્રાઇસ્ટને આમાંથી કશુંયે પસંદ ન હતું. ક્રાઇસ્ટનાં સત્યોની પ્રતીતિ સદ્યસ્થિતિમાં કેમ થઇ શકે ? ક્રાઇસ્ટનાં સત્યોના જિજ્ઞાસુમાં શ્રદ્ધા હોવી જોઇએ. સત્યના જિજ્ઞાસુએ શ્રદ્ધાનું રહસ્ય યથાર્થ રીતે સમજવું જોઇએ. જો સત્યમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તો જ આત્માનું અધિરાજ્ય જામે, અને વિશુદ્ધ સુખની પ્રાપ્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધા ધર્મોના પવિત્ર ગ્રંથોમાં શ્રદ્ધાને અદ્વિતીય મહત્ત્વ આપવામાં આવેલું છે. શ્રદ્ધાથી જ ઇહલૌકિક તેમજ પારલૌકિક કલ્યાણ ઉપલબ્ધ થાય છે. દરેક કાર્યમાં સાફલ્ય માટે શ્રદ્ધા અત્યંત આવશ્યક છે. ગુરુ શિષ્યમાં યોગ્ય શ્રદ્ધાનો અભાવ હોય તો શિષ્યનો સ્વીકાર નહિ કરે. આનું મુખ્ય કારણ એ છે કે, શ્રદ્ધા હોય તેને માનસિક સંક્ષોભ ન હોય. શ્રદ્ધાથી માનસિક સંક્ષોભનું નિવારણ થાય છે. શ્રદ્ધાથી ચિત્તની વિશુદ્ધતા અને સમતોલવૃત્તિ પ્રવર્તે છે. ચિત્તની વિશુદ્ધતા હોય ત્યાં શ્રદ્ધા હોય. શ્રદ્ધામાં ઊણપ જેવું લાગે એટલે કોઇ ને કોઇ ઉપાયે શ્રદ્ધા દ્રઢ કરવાની ખાસ જરૂર રહે છે. શ્રદ્ધા ન હોય ત્યાં પાપ અને દુષ્ટતા વૃદ્ધિંગત થાય છે. શ્રદ્ધા હોય ત્યાં પુણ્યવૃત્તિ, પવિત્રતા અને દિવ્યતા વિલસી રહે છે.

મોઝીઝનાં પ્રથમ પુસ્તક ‘ જેનીસીસ ’માં આત્માનાં અધઃપતન સંબંધી સુંદર નિરૂપણ કરેલું છે. પ્રભુની આજ્ઞાનો પ્રત્યક્ષ રીતે સ્વલ્પ ભંગ કરવા માટે આદમને શિક્ષા થઇ, એ આદમનાં જીવનનું એક કરુણ પ્રકરણ એ પુસ્તકમાં દૃષ્ટિગોચર થાય છે; પણ આદમની વાર્ત્તાનું ખરું રહસ્ય. ‘ પ્રભુ–આજ્ઞાના ભંગ માટે શિક્ષા ’ એ નથી. આ ચોર્યાસીના ફેરારૂપ અનંત જણાતા કુંડાળામાં કોઇ દ્વાર તો હોવું જ જોઇએ એ વસ્તુ ખાસ યાદ રાખવાની છે.

પ્રભુએ આદમના આજ્ઞા–ભંગ માટે બહુ જ સખત વલણ લીધું. સ્વલ્પ આજ્ઞા–ભંગ માટે પ્રભુએ સમસ્ત માનવ–જાતિને શિક્ષા કરી. પ્રભુનું આ વલણ દેખીતી રીતે એવું છે કે, તે સત્ય કે યથાર્થ હોવાનું ન જ માની શકાય. એક મનુષ્યના સ્વલ્પ દોષ માટે સમસ્ત મનુષ્ય જાતિને શાશ્વત દુઃખ અને શોકની પ્રાપ્તિરૂપ શિક્ષા કરવી એમાં ઉપલક દૃષ્ટિએ વિચાર કરતાં પ્રભુનો ઘોર અન્યાય જ લાગે. આથી પ્રભુની શિક્ષાનું રહસ્ય યથાર્થ સ્વરૂપમાં સમજવું ઘટે છે. આદમનું અધઃપતન એ મનુષ્ય–જાતિની પાપ અને દુષ્ટતામય સ્થિતિનું ગુપ્ત કારણ હતું એમ બરાબર રીતે ન સમજાયાથી જ સત્યના આવિષ્કારમાં આટલો બધો વિલંબ થયો છે. સુખને બદલે દુઃખની જ વૃદ્ધિ નિરંતર થયા કરે છે. મનુષ્ય અને સુખ વચ્ચેનું અંતર અહર્નિશ વધ્યા કરે છે. સુખ દુનિયામાં પ્રાયઃ નામશેષ થયું છે.

જીવન–વૃક્ષ અને જ્ઞાન–વૃક્ષની નિકટમાં પત્ની હવાં( ઈવ ) સાથે સ્વર્ગમાં રહેતા આદમે પ્રભુ–આજ્ઞાને માન્ય રાખી અમુક કાળ સુધી જીવન–વૃક્ષનાં ફળોનો જ આસ્વાદ કર્યો. એ સ્થિતિ જ્યાં સુધી ચાલુ રહી ત્યાં સુધી નગ્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થા હોવા છતાં પણ આદમ અને ઇવને સંસારસુખની અભિલાષા પણ ન થઈ. કોઇનામાં વિષય-લાલસાનું સ્ફુરણ પણ ન થયું. પણ કાળે કરીને આદમને જ્ઞાન-વૃક્ષનાં ફળોનું ભક્ષણ કરવાની તીવ્ર ઇચ્છા થઈ. એ ફળોનું ભક્ષણ કરતાં મૃત્યુ થશે એમ પ્રભુએ તેને સ્પષ્ટ જણાવ્યું હતું, છતાંયે એ ફળોનો આસ્વાદ કરવાની ઉત્કટ ઇચ્છા તેને થઇ આવી. તેણે પ્રભુ-આજ્ઞાનો ભંગ કર્યો અને જ્ઞાન-વૃક્ષનાં ફળોનું સ્વેચ્છાપૂર્વક ભક્ષણ કર્યું. આદમે ફળોનું ભક્ષણ કર્યું એટલે વિકારરૂપી મહાન્ સર્પ દ્રશ્યમાન થયો. શયતાન પોતે જ સર્પરૂપે દૃષ્ટિગોચર થયો. વિકારરૂપી શયતાને ફળોનાં ભક્ષણ માટે ઇવને મુગ્ધ કરી. આમ છતાં ઇવ શયતાનની લુબ્ધક વૃત્તિથી છેક નિશ્ચળ રહી. ફળોનું ભક્ષણ કરવાની તેણે સાફ ના પાડી, પણ શયતાનનાં પ્રલોભન આગળ એક સ્ત્રીનું આખરે શું ચાલે ? ફળ સુંદર, સ્વાદુ અને જ્ઞાનની પ્રાપ્તિજનક છે એમ શયતાને ઘણુંઘણું સમજાવ્યાથી હવાંને ફળો આરોગવાની દ્રઢ અભિલાષા થઇ આવી. ઇવે ફળ ખાધાં એટલે તેને નગ્નદશાનું જ્ઞાન થયું. આદમને પણ નગ્નદશાનું ભાન થયું. બન્ને લજ્જિત થઇ ગયાં. પ્રભુ સમક્ષ દેખાવામાં શરમ લાગવાથી બન્ને સંતાઈ ગયાં.

ઈશ્વરે ત્યારબાદ આદમ અને ઇવને શ્રાપ આપ્યો. સતત ઉદ્યોગથી જીવનનો નિર્વાહ માત્ર થઇ શકશે અને આખરે મૃત્યુ થશે એવું શ્રાપનું રહસ્ય હતું. પ્રભુએ આ પ્રમાણે શ્રાપ આપ્યા પછી મનુષ્યને જ્ઞાન થયું છે એવો વિચાર પ્રભુને સ્પષ્ટ રીતે થયો. મનુષ્ય જીવન-વૃક્ષનો સ્પર્શ પણ ન કરી શકે એવો દ્રઢ સંકલ્પ આથી પ્રભુને થયો. પ્રભુએ ત્યારબાદ આદમને સ્વર્ગ-ઉપવનમાંથી કાઢી મૂક્યો. ઉપવનની આસપાસ એક દેવદૂતની ચોકી મૂકી. ઉપવનની આસપાસ નિરંતર ફર્યા કરે એવી એક સળગતી તલવાર પણ મૂકી. સ્વર્ગીય ઉપવનમાં કોઇ પણ પ્રવેશ ન કરી શકે એવો દેવદૂત અને તલવાર મૂકવામાં પ્રભુનો મુખ્ય ઉદ્દેશ હતો.

આદમે જ્ઞાનનાં ફળનો આસ્વાદ કર્યો છતાંયે તે અજ્ઞાની* બન્યો. કેવું વિચિત્ર ? પાપને કારણે તેને અજ્ઞાનદશા પ્રાપ્ત થઇ. આજ્ઞા-ભંગરૂપી પાપથી આંખો ઉઘડી એટલે નગ્નદશાનું તેને ભાન થયું. ઇવની પણ એ જ સ્થિતિ થઈ. એ ઉપરાંત પાપથી બન્નેને ભય દશા પણ પ્રાપ્ત થઇ. ફળનો આસ્વાદ કર્યા પહેલાં આદમ પ્રભુ સાથે ફરતો હતો, પણ પાપ થઈ ગયું

* જગતના ઘણાખરા મનુષ્યો આજે પણ અજ્ઞાન છે એ સર્વથા સત્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તેનામાં ભયનો પ્રાદુર્ભાવ થયો. અમરત્વનો વિનાશ એ પણ એક મહાન્ અલાભ હતો. આદમે આજ્ઞા-ભંગનું પાપ ન્હોતું કર્યું ત્યાં સુધી તે જીવન-વૃક્ષનાં ફળોનો આસ્વાદ કરી શકતો હતો. તેનું જીવન અમર હતું. સ્વર્ગનાં ઉપવનમાંથી જ તેનું નિઃસરણ થયું એટલે જીવન-વૃક્ષનાં ફળોનો આસ્વાદ સદાને માટે બંધ પડ્યો અને એ રીતે અમર જીવનનો સર્વથા વિચ્છેદ થયો.

આદમ, ઇવ અને પ્રભુ સંબંધી જે જે ઘટનાઓ બની તેનું રહસ્ય કહેવાતાં રહસ્યથી ભિન્ન પ્રકારનું જણાય છે. સત્ય રહસ્ય નિમ્ન પ્રકારે હોઇ શકેઃ-

આદમ ઈશ્વરની સાથે એક રૂપ હતો ત્યાં સુધી તે સુખી અને અમર હતો. તેનાં ચિત્તમાં નગ્નદશાનો ખ્યાલ પણ ન હતો. પ્રભુ સાથે તદાકાર સ્થિતિમાં તેનો આનંદ અપૂર્વ હતો. તે નિર્દોષતાની પ્રતિમૂર્ત્તિરૂપ હતો. તેનામાં દ્વૈતભાવ કે ભેદભાવ જેવું કશુંયે ન હોવાથી પોતાના સ્વરૂપનું કોઇ રીતે આવરણ કરવાની તેને ઇચ્છા પણ ન થતી. તેનું મન પવિત્ર હતું. નગ્નદશામાં તેને નિર્દોષિતા ભાસતી. નગ્નદશા ભ્રષ્ટતાજનક છે એવો તેને સ્વપ્ને પણ વિચાર ન જ આવતો. પણ વક્રતા અને લાલસાનો પ્રાદુર્ભાવ થયાથી તેનામાં અજ્ઞાન આદિની પરિણતિ થઇ. તેની પત્નીદ્વારા તે પ્રલોભન-વશ થયો. નિષિદ્ધ ફળ જ્ઞાનદાયી છે એવી માન્યતાથી એ ફળનો આસ્વાદ કરવાની તેને અત્યંત ઇચ્છા થઇ આવી. આદમે ફળો ખાધાં એટલે પવિત્ર શ્રદ્ધાનું અનસ્તિત્વ થયું. શ્રદ્ધાનું અંતર્ધ્યાન થતાં જ્ઞાન-વૃક્ષનાં ફળોનાં ભક્ષણથી પોતાને વિશેષ સુખની પ્રાપ્તિ થશે એવી શ્રદ્ધાનો તેનામાં વાસ થયો. પોતાનાં સાહજિક સુખ અને પ્રજ્ઞાશક્તિમાં તેને અશ્રદ્ધા ઉત્પન્ન થઇ. અશ્રદ્ધાને કારણે તેણે અજ્ઞાન અને દુઃખ વહોરી લીધાં. કુદરતના અપરિ-વર્ત્તનશીલ નિયમોના મનોસૃષ્ટિ ઉપરના પ્રાકૃતિક નિર્બંધને લઇને, દુઃખ અને અજ્ઞાને મૂર્ત સ્વરૂપ લીધું. આદમે કંઇ પણ મૂલ્ય આપ્યા વિના જ્ઞાન-વૃક્ષનાં ફળોનો આસ્વાદ કર્યો. જ્ઞાન-પ્રાપ્તિની વૃત્તિથી આદમે ફળોનું ભક્ષણ કર્યું. એથી તેનામાં અજ્ઞાન જ હતું એ સ્પષ્ટ રીતે સિદ્ધ થઇ શકે છે. શ્રદ્ધાના શાશ્વત નિયમથી અજ્ઞાનનો પ્રાદુર્ભાવ થયો. મનુષ્ય જાતિમાં આ રીતે અજ્ઞા-નની પરિણતિ થઇ. જ્ઞાન-વૃક્ષનાં થોડાંક ફળોનાં આસ્વાદથી અજ્ઞાનનો તાત્કાલિક જન્મ થયો. —(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનંદ યોગ.

અનુવાદક-વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A.

જે બુદ્ધિમાન મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેણે તેના પર ખૂબ મનન કરવું જોઇએ. જગતના સમસ્ત ગોચર તેમજ અગોચર પદાર્થ ક્ષણ-ભંગુર છે. અહીંની કોઈ પણ વસ્તુ નિત્ય અથવા સ્થાયી નથી. ઉત્પત્તિ તેમજ વિનાશ બન્ને એક સાથે એક સ્થાન પર વિદ્યમાન રહેલાં છે. આજ આપણે કોઇ વસ્તુની તરફ ઝડપથી દોડીએ છીએ તો કાલે જ આપણે એ વસ્તુ તરફથી મોઢું ફેરવીએ છીએ. આનંદ તથા શોક બન્ને એક જ સ્થાન પર માચી રહેલો છે. ત્યાં આપણી અતૃપ્ત ઇચ્છાઓ, લાલસાઓ ને અભિલાષાઓ આપણી અંદર એક સાથે રહે છે. આપણી નિરાશાઓનો મહાન્ વિશાળ સાગર આપણી સામે પૂરવેગથી વહન કરી રહ્યો છે. તે નિરાશાઓમાં પણ આપણે આશાની એક ઝળક દેખીએ છીએ અને તેને પકડી લેવાની ઇચ્છા કરીએ છીએ. પ્રેમ અને સ્નેહ આપણા મનમાં વીજળીની માફક ચમકી ઊઠે છે. બીજે દિવસે કરમાયેલા ફૂલની માફક સુકાઇને નિસ્તેજ થઇ જાય છે. પુત્ર, કલત્ર, મિત્રને જોઇને આપણે પ્રસન્નતાથી ખીલી ઊઠીએ છીએ. શત્રુને જોઇને આપણું હૃદય ભયભીત થઇ જાય છે. આપણે ત્યાં કોઇનો જન્મ થતાં આપણે આનંદ માનીએ છીએ. કોઇનું મૃત્યુ થતાં શોકથી વિહ્વળ બની જઇએ છીએ. આપણા ઘરની પાસે હંમેશા ચારે તરફ ઉત્પત્તિ અને મૃત્યુ થઇ રહ્યાં છે તેનાથી આપણે બિલકુલ અલિપ્ત રહીએ છીએ. એ એટલા જ માટે કે આપણે આપણી જાતને બીજાથી અલગ માનીએ છીએ; પરંતુ સર્વ ચીજો જેને આપણે ચાહીએ છીએ અને નથી ચાહતા તે નષ્ટપ્રાયઃ છે. તેનો હંમેશ ક્ષય થઇ રહ્યો છે.

જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં ત્યાં આવી જ ગડબડ દેખાય છે. બધે સ્થળે ગભરાટ છે, ચિંતા છે અને અશાંતિ છે. કોઇને પણ કોઇ વસ્તુથી સ્થાયી સુખ પ્રાપ્ત થતું નથી, પરંતુ થોડા જ લોકો જેઓ વિચારશીલ છે, જેઓ અહિંની સ્થિતિથી સંતુષ્ટ નથી તેઓ એનું કારણ જાણવા ઇચ્છે છે, તેના સંબંધી વાતચિત કરે છે અને કોઈ એવી વસ્તુની શોધ કરે છે કે જેમાં તેઓને માનસિક આરામ મળે અને સ્થાયી સુખ પ્રાપ્ત થાય. ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું કોઇ એવું સ્થાન નથી કે જ્યાં આપણે રહી શકીએ, જ્યાં આપણે સર્વ પ્રકારની ઇચ્છાઓથી મુક્ત થઇએ અને જ્યાં આપણને એ ઇચ્છાઓ દુઃખ પણ ન દેતી હોય? શું કોઇ એવું સ્થાન છે કે જ્યાં સુખ હોય, શાંતિ હોય, આરામ હોય? શું કોઇ એવું સ્થાન છે કે જ્યાં અનિત્યતાનું ભાન ન થતું હોય, કોઇ વસ્તુ નષ્ટ ન થતી હોય, જ્યાં વસ્તુઓમાં પરિવર્તન ન હોય? સઘળી વસ્તુઓ ચળ ચિત્રની માફક આવે છે અને જાય છે. બુદ્ધિમાન મનુષ્ય એના ઉપર વિચાર કરે છે અને તે એવી શોધમાં છે કે કોઈ પણ વસ્તુ અવિનાશી છે કે નહિં? પ્રશ્ન અત્યંત કઠીન છે. જેઓએ અનંત-નિધિ પ્રાપ્ત નથી કર્યું તેઓ એનો ઉત્તર ન આપી શકે. જેઓએ એ પ્રાપ્ત કર્યું છે તેઓ એનો ઉત્તર આપે છે, પરંતુ ઘણી અસ્પષ્ટ ભાષામાં, મૂક વાણીમાં, એ દશા અકથનીય છે–વર્ણનાતીત છે. જે લોકો એ દશાને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેઓને માટે એટલું કહી શકાય કે તેઓએ પોતાની સ્થિતિ અનુસાર પોતાના ક્રમવિકાસ અનુસાર એના પર વિચાર કરવો અને એનો અનુભવ કરવો. તેઓ અવશ્ય તેને મેળવશે, તેઓ તેના સૌંદર્યમાં નિવાસ કરશે, તેઓને તેની ઝાંખી પોતાની જ અંદર થશે. જેઓએ તે મેળવ્યું છે અને જેઓ તે મેળવશે તે બન્ને તે અનંત આનંદને એક બીજાને શબ્દોથી સમજાવી નહિં શકે.

પણ એટલું તો જરૂર કહી શકાય કે ત્યાં એક એવું સત્ય છે કે જે હંમેશા એક રસ રહે છે અને જેને દરેક પ્રાણી બાળક કે વૃદ્ધ પ્રાપ્ત કરશે. સાચી ઇચ્છા હોવી જોઇએ–પછી તેને મેળવવામાં જરા પણ સંદેહ નથી. તે એવા સત્યનું દર્શન કરશે કે જેને તે જ કહેશે કે નિત્ય ને અનંત છે.

કોઇ પૂછે કે સત્ય વસ્તુનું સ્થાન ક્યાં છે? તો એનો જવાબ એ જ છે કે તમે તેને તમારી પોતાની અંદર આનંદના રાજ્યમાં શોધો અને તમે તે મેળવશો.

જો તે મેળવો તો તેના ભાવનો તમારા હૃદયમાં અનુભવ કરો. તમારા આનંદના રાજ્યમાં એને મેળવીને એમ વિચારો કે તે સઘળા સુખોનું સુખ છે. તે સૌથી નિર્મળ અને પવિત્ર છે. એ ભાવમાં આપણે હંમેશા હૃદયથી ઉન્નતિ કરતાં જવી. સત્યનું એ સ્વરૂપ સૌથી મોટું છે અને હંમેશા એક જ રહે છે, પરંતુ તેને માટે કંઇ ભોગ તો જરૂર આપવો પડશે. જે વસ્તુને આજ સુધી તમે ખૂબ ચાહતા હો તે વસ્તુથી તમારે મોં ફેરવવું પડશે. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ અનિત્ય છે એમ તમારે સમજવું પડશે. નીચેના વાદળાંઓ હઠી જશે ત્યારે ઉપરના સ્વચ્છ નિર્મળ આકાશનાં દર્શન થશે. ત્યાં તમને પ્રકાશનું દર્શન થશે. એ પ્રકાશ પામીને પછી તમારે ભટકવું નહિ પડે.

આ રીતે આપણે સૌએ યાત્રા શરૂ કરી દેવી જોઇએ. આપણે એ અનંત વસ્તુ મેળવી છે તે સૌથી સુંદર છે, પૂર્ણ છે અને સર્વ વસ્તુઓનું ઉત્પત્તિસ્થાન છે. જે વસ્તુ આપણે મેળવી છે તેના જ્ઞાનને ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં પ્રગટ કરી શકીએ છીએ, પરંતુ જ્યારે તે વસ્તુને આપણી બનાવી લેશું, તેને એક વાર આપણી આંખથી જોઇ શકશું ત્યારે તેને સારી રીતે સમજી શકશું. તેના અમૃતત્વનું આસ્વાદન કરશું ત્યારે તમે કહેશો કે તમને એક એવી વસ્તુ, એક એવો હીરો મળી ગયો છે કે જેનો ચળકાટ હંમેશા એક સરખો છે અને જેમાં કશો ફેરફાર નથી થતો.

સંસારમાં એવી કોઇ વસ્તુ નથી કે જે તમને સંતુષ્ટ કરી શકે, તમારી તીવ્ર ઇચ્છાને તૃપ્ત કરી શકે. જો છે તો તે સત્ય છે, જે અનંત છે, જેની તમે શોધ કરી રહ્યાં છો. જે લોકો એ અનંતનિધિની શોધમાં છે તેઓએ પોતાની અંદરથી મમત્વ અને અહંકારને જડમૂળથી જ નષ્ટ કરી દેવો જોઇએ. એકત્વમાં મિત્રતાની જે મીઠાશ છે તેનો અનુભવ કરવો જોઇએ, તેની પ્રશંસા કરવી જોઇએ. મનને ત્યાં પહોંચાડવું જોઇએ કે જ્યાં દ્વેષની ગંધ પણ ન પહોંચી શકે. કેવળ એક પોતાના જ રૂપને સર્વત્ર જુઓ, જુઓ જ નહિ, પણ એક થઇ જાઓ. દરેક વસ્તુમાં તમારી અનન્તતાનો અનુભવ કરો. સમસ્ત સંસારની સઘળી વસ્તુઓ તમારા માટે નવીન થઇ જશે. સઘળા તમારાં આનંદ, તમારા અમરત્વના ગીત ગાશે. ત્યારે તમે આનંદના એવા રાજ્યમાં પ્રવેશ કરશો કે જ્યાંના શીતળ વાયુથી તમારું આખું શરીર શીતળતા પ્રાપ્ત કરશે. સ્વાર્થ અને સત્ય એક સ્થાનમાં નિવાસ નથી કરી શકતા. સ્વાર્થ આપણને ક્ષણિક સુખ આપે છે, જેનાથી આગળ ઉપર આપણને કલેશ અને દુઃખ થાય છે. ચિત્તની ભ્રાંતિને લઇને એની અંદર આપણે નિત્ય સત્યની શોધ કરીએ છીએ, જેની પ્રાપ્તિ એની અંદર સર્વથા અસંભવિત છે. સત્યવડે આપણે આનન્દના રાજ્યમાં પ્રવેશ કરીએ છીએ કે જ્યાં આપણને સ્વાર્થનું કદી પણ સ્મરણ પણ નથી થતું. ત્યાં આપણે જીવનના ઐક્યનો અનુભવ કરીએ છીએ.

એટલા માટે આપણે જો આનંદના રાજ્યમાં પ્રવેશ કરવા ઇચ્છતા હોઇએ તો કાર્ય ગમે તેટલું કઠીન હોય તો પણ આપણે આપણી ‘ અહંતા ’ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છોડવી પડશે. એની ખાતર આપણે સઘળું તજવું પડશે. જે આપણને અત્યારે અસંભવિત લાગે છે તે પણ નિત્ય, પૂર્ણ, અપરિવર્તનશીલ આનંદ પ્રાપ્ત કરવા ખાતર તજી દેવું પડશે.

આપણે સૌએ એક બનીને આનન્દના માર્ગે ચાલવાનું છે. એ જ આપણી કલ્પના છે, એ જ આપણું સ્વપ્ન છે. આનન્દ પ્રાપ્ત કરવામાં જ આપણી પ્રસન્નતા છે. પ્રથમ તો એ કે તમે જો આનંદનો અનુભવ કરવા ચાહતા હો તો તમારામાં એટલી શક્તિ અને યોગ્યતા હોવી જોઇએ કે તમારે જૂના વિચારો, જૂના બંધનો એકદમ છોડી દેવા જોઇએ. જો તમે કોઇ વિચારના કે રૂઢિના ગુલામ હશો તો સત્યને કદી પણ નહિ જોઈ શકો. જૂના વિચાર તમને આગળ વધતાં રોકશે. એ મહાન્ સત્ય કે જે સુંદર છે, દિવ્ય છે, જે હંમેશા નવીન છે તેના તમને દર્શન નહિ કરવા દે. જેવી રીતે કમળાના રોગથી પીડાતા માણસને બધી વસ્તુઓ પીળી દેખાય છે તેવી જ રીતે જે મનુષ્યનું મગજ જૂના વિચારોથી દૂષિત બનેલું હોય છે તે સત્યને પણ તે રંગે જ રંગાયલું જોશે.

એ કારણથી જે લોકો તેને જોવા ચાહતા હોય તેઓએ પોતાની જાતને સંપૂર્ણ સ્વતંત્ર, નિર્ભીક તથા પ્રસન્ન બનાવીને પોતાની જાતને પોતાને વશ કરવી જોઇએ. તે ઉન્નતિની ખાતર તમારે તમારા અનુભવને કામમાં લેવો પડશે. કોઇ કોઈ વખત આપણું મન ક્ષોભ, અશાંતિ ને ગ્લાનિથી આચ્છાદિત થઇ જાય છે. એવી સ્થિતિમાં કોઈ જૂની પ્રિય વસ્તુ, દેવતાની મૂર્તિ, કોઈ નૈસર્ગિક સૌંદર્ય, કોઇ પ્રતિમા અથવા ચિત્ર જોઇને આપણે આપણા વિચારોને એની અંદર કેન્દ્રિત કરીએ છીએ અને તેનાથી આપણે કેટલો વખત શાંતિ અનુભવીએ છીએ. આનાથી સિદ્ધ થાય છે કે આપણા મનમાં નિર્ભયતાની ભાવના છે, તે વિચાર આપણા મનનું પ્રતિબિંબ છે જેનાથી આપણને ક્ષણિક શાંતિ મળી; પરંતુ એવી ધારણા વધારે લાભદાયક નથી.

મનની એવી દશામાં અનંત શક્તિનું સ્મરણ કરવું જોઇએ. તે વખતે તેમજ જીવનની પ્રત્યેક ક્ષણમાં તેની અંદર નિવાસ કરવો જોઇએ. આપણા વિચારોની નબળાઇને લઇને આપણે અનંત સત્ય તેમજ આનંદને ભૂલી જઇએ છીએ.

સત્યની આ કલ્પનામાં એક વખત તમારું મન ચોંટી ગયું, નિત્યાનંદનો તમને અનુભવ થઇ ગયો, ત્યાંની સુગંધથી તમારું મસ્તક પરિપૂર્ણ થઇ ગયું તો પછી ખાત્રી રાખજો કે બીજી કોઈ પણ વસ્તુ તરફ તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને તમે જવા નહિં દો. માત્ર શુદ્ધ હૃદય અને પવિત્ર મનની જ જરૂર છે. એમાં કોઇ પણુ પ્રકારનો વિકાર ન હોવો જોઇએ. એવાં મનમાં સત્યનું સાચું સ્વરૂપ સમજી શકાશે. એક વખત ત્યાં પ્રવેશ થયા પછી તમને બહારની કોઇ પણુ વસ્તુ સારી નહિ લાગે. અહીંથી તમારી જીવનયાત્રાનો આરંભ થાય છે. ત્યાં પ્રવેશ થયા પછી તમે સર્વ વસ્તુઓના એક માત્ર અધિનાયક બની જશો.

પછી આપણું પોતાનું વાસ્તવિક સ્વરૂપ સમજીને આપણે ગમે ત્યાં જઇ શકીએ છીએ, પણુ આપણે એમ કરતાં નથી. આપણે ચળ વસ્તુને અચળ માનીએ છીએ અને ચળ વસ્તુમાં અચળની શોધ કરીએ છીએ. પરિણામે કશું હાથ લાગતું નથી. સત્ય વધારે મુશ્કેલ લાગવા માંડે છે, ચિત્તમાં અશાંતિ ઊભી થાય છે અને પ્રાપ્તવ્ય વસ્તુ હજારો ગાઉ દૂર જાય છે.

સાવધાનીની સ્થિતિમાં જો એક પણુ વખત તમારી અંદર સત્યની ભાવના જાગ્રત થઇ ગઇ હોય તો પછી એને કદી પણુ છોડશો નહિ, એને ટકાવી રાખવામાં ગમે તેટલા દુઃખનો અનુભવ થાય, ગમે તેટલું દર્દ થાય તો પણુ તે બધું સહન કરો. તે સિદ્ધિની ખાતર જે કાંઇ કરવું પડે તે કરો. આખી દુનિયા તમારાથી છૂટી થઇ જાય તો પણુ ચિંતા ન કરો. સંસાર અસાર છે. અહિંની બધી વસ્તુઓ અસાર છે. જ્યારે તમે અચળ વસ્તુ-સત્યની પ્રાપ્તિ કરી લેશો ત્યારે પછી ચળ વસ્તુઓ તમારી અંદર સમાવિષ્ટ થઈ જશે. પછી તમે ગમે તે કરો, ગમે ત્યાં જાઓ. જ્યાં જશો ત્યાં આનંદનો વરસાદ થશે. પહેલા તમે પોતે સત્યના રાજ્યમાં પ્રવેશ કરી લો પછી આનંદ જ છે. તમારા વ્યક્તિત્વથી, તમારી ઇચ્છાની દૃઢતાથી એ પ્રાપ્ત કરો અને તેમાં નિવાસ કરો. એ કામ તમે કરી શકો એમ છો. તમારે માટે બીજું કોઇ કરી શકે તેમ નથી. એક વખત એ અનંત રાજ્યમાં પ્રવેશ કર્યા પછી સઘળાં દુઃખ અને દરિદ્રતાનો અંત આવી જશે. પછી જગતમાં કોઇ પણુ સુખદુઃખ તમને સ્પર્શી નહિ શકે.

તમે આનંદસ્વરૂપ થઇ જશો, તમારા સિવાય તમને બીજું કશું નહિ દેખાય. એ જ સત્ય છે, એ જ ધર્મ છે, એ જ આનંદ છે, અને એ જ સર્વસ્વ છે. આપણે બધાએ એ વસ્તુ પ્રાપ્ત કરવાની છે. જો એક માણુસને એ પ્રાપ્ત થાય તો બધા પ્રાપ્ત કરી શકે છે. વસ્તુતઃ સત્ય તો એ છે કે જે સૌએ પ્રાપ્ત કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વીતરાગસ્તોત્ર અંતર્ગત

# પ્રતિપક્ષનિરાસ

નામા ષષ્ઠ પ્રકાશ.

હે પ્રભુ ! નેત્રને અમૃત-અંજન તુલ્ય અને લાવણ્યવડે પવિત્ર કાયાવાળા આપને જોયે સતે આપમાં ઉદાસીન રહેવું તે પણ દુઃખદાયી થાય છે, તો પછી ઈર્ષાવડે આપમાં અસત્ય દૂષણ ઉચ્ચારવાનું કહેવું જ શું ? તેમ કરનારની નરકાદિક નીચ ગતિ જ સંભવે છે, તેથી આપ પ્રતિ દ્વેષભાવ તો અત્યંત વર્જ્ય છે. ચિંતામણિ સદૃશ આપની તો ઉપેક્ષા કરવી પણ અયુક્ત છે, તો પછી ઇર્ષ્યા-દ્વેષભાવનું તો કહેવું જ શું ? ૧.

નિષ્કારણ વિશ્વોપકારી એવા આપને પણ શત્રુ છે, અને તે પણ ક્રોધાદિક કષાયથી વ્યાપ્ત છે. આવી વાર્તા પણ સાંભળીને વિવેકી જનો શું જીવન વહન કરે ? ન જ કરે; કેમકે નહિ સાંભળવા યોગ્ય સાંભળવા કરતાં પ્રાણત્યાગ કરવો શ્રેયકારી છે. સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરનાર પંડિતજનોએ એવો નિર્ણય કરેલો છે કે જેના અંતરંગ શત્રુ સર્વથા ક્ષીણ થયેલા છે તેવા આપ વીતરાગને કોઇ કયાંય કદાપિ શત્રુ હોય જ નહિં. એ જ વાતને પુનઃ દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. ૨.

જો આપનો વિપક્ષ-શત્રુવર્ગ, વિરક્ત-રાગ રહિત જ હોય તો તે નિશ્ચે શત્રુ જ નથી, કેમકે વીતરાગપણાવડે તે આપ જ છો અને જો તે રાગવાન હોય તો પણ વીતરાગપણાના અભાવવડે આપનાથી અત્યંત નિર્બળ હોવાથી તે શત્રુ નથી; કારણ કે સમાન શીલ અને પરાક્રમવાળાનું જ પ્રાયઃ સપક્ષ-વિપક્ષપણું કહેવું ઘટે છે. શું ખજવો કદાપિ સૂર્યનો વિપક્ષ હોઈ શકે ? ન જ હોઇ શકે. ૩.

હે પ્રભુ ! તે ( લવસત્તમ ) અનુત્તરવાસી દેવો પણ આપના યોગ-માર્ગની સ્પૃહા રાખે છે ત્યારે યોગમુદ્રા ( રજોહરણાદિક ધર્મ ઉપકરણ ) રહિત એવા અન્ય સાંખ્યાદિકને તે યોગમાર્ગની કથા જ શી ? યોગ તેમનાથી દૂર છે. ૪.

હે વીતરાગ ! યોગ ક્ષેમકારી આપને અમે નાથ સ્વીકારીએ છીએ, આપને સ્તવીએ છીએ અને આપની સેવા-ઉપાસના કરીએ છીએ; કેમકે આપથકી અન્ય કોઇ ત્રાતા ( રક્ષક ) નથી. આપની સ્તવના ઉપરાંત બીજું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું બોલીએ ? અને આપની સેવા-ઉપાસના ઉપરાંત બીજું શું કરીએ ? કારણ કે વાણી અને જન્મ પામ્યાનું એ જ ઉત્તમ ફળ છે. ૫.

પોતે હિંસાદિક મલિન આચારવાળા હોઈ અન્ય મુગ્ધજનોને ઠગવામાં ચતુર એવા અન્ય દેવગુરુઓ બધી દુનિયાને પણ છેતરે છે; તેથી આપ વગર બીજા કોની પાસે જઈ પોકાર કરીએ ? ૬.

હે પ્રભુ ! સદાય કર્મમુક્ત મનાતા છતાં જગતની સૃષ્ટિ, જગતનું પાલન અને જગતનો ક્ષય કરવામાં ઉજમાળ એવા વાંઝણીના પુત્ર જેવા કલ્પિત દેવોને કોણ સચેતન માન્ય કરે ? વિચારશીલ આત્મા તો માન્ય ન જ કરે. ૭.

જઠરાગ્નિ અને કામાગ્નિથી પીડાએલા ( પરાભવ પામેલા ) દેવોવડે પોતાને કૃતાર્થ માનનારા દ્વિજાદિકો આપની જેવા સર્વોત્તમ વીતરાગ દેવનો અપલાપ ( નિષેધ ) કરે છે. હા ! હા ! ઇતિ ખેદે, આ તે કેવા આસ્તિક સમજવા ? ૮.

આકાશપુષ્પ જેવું કંઈક મનમાં વિચારી, તેને સિદ્ધ કરવા એવું જ કંઈ કલ્પિત પ્રમાણ બતાવી પરવાદીઓ ગેહેશૂરા ( ઘરશૂરા ) સ્વગેહે ( સ્વદર્શનમાં ) અને સ્વદેહમાં ભારે મદથી ક્યાંય માતા-સમાતા નથી. ૯.

હે પ્રભુ ! કામરાગ અને સ્નેહરાગ એ બંને તો સુખે ( અલ્પ શ્રમવડે ) નિવારી શકાય તેવા છે, પરંતુ દૃષ્ટિરાગ ‘ આ મારું જ સારું ’ એવી ખોટી માન્યતા મહાપાપી છે; કારણ કે તેને સત્પુરુષો પણ દુઃખે તજી શકે છે. ( એવો દૃષ્ટિરાગ કેમે છૂટી શકતો નથી. ) ૧૦.

હે પ્રભુ ! આપનું વદનકમળ પ્રસન્ન છે, આપના ચક્ષુ રાગદ્વેષાદિ વિકાર રહિત ( મધ્યસ્થ ) છે, અને આપનું વચન સત્ય હિતકારી હોવાથી લોકપ્રિય છે. આવી રીતે પ્રેમ-પ્રીતિ કરવા યોગ્ય આપના વિષે પણ મૂઢજનો અત્યંત અનાદર જણાવે છે તે ખેદની વાત છે. ૧૧.

હે જિનેન્દ્ર ! કદાચ વાયુ સ્થિર થઈ જાય, પર્વત ગળી જાય અને જળ અગ્નિરૂપ થઇ જાય, તો પણ રાગાદિક મહાવિકારોથી વ્યાપ્ત હોય તે કદાપિ આપ્ત ( સમ્યક્ તત્ત્વજ્ઞ ) થવા યોગ્ય નથી. મતલબ કે, આપ સિવાય અન્ય દેવોમાં વીતરાગપણાના અભાવથી ખરું દેવપણું નથી જ. ૧૨.

સ. કુ. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ઐતિહાસિક નોંધ.

૧ દાનથી શાલિભદ્રજી મહાઋદ્ધિ પામ્યા.

૨ દાનની ભાવનાથી જીર્ણ શ્રેષ્ઠી બારમા દેવલોકે ગયા.

૩ શિયલથી વિજય-વિજયા દંપતી ૮૪૦૦૦ સાધુને તુલ્ય ગણાયા.

૪ શિયલથી સ્થૂલભદ્રજીનું નામ ૮૪ ચોવીશી પર્યંત રહેશે.

૫ શિયલથી સુદર્શન શેઠની શૂલી ફીટી સિંહાસન થયું.

૬ શિયલપ્રભાવથી સીતાને અગ્નિકુંડ જળરૂપ બન્યો.

૭ શિયલથી દ્રૌપદીજીને ૧૦૮ વસ્ત્રો પુરાણા.

૮ શિયલથી કલાવતીના કપાયેલા કાંડા સાજા થયા.

૯ શિયલથી સુભદ્રાએ કાચે તાંતણે ચાલણી બાંધી તે દ્વારા કુવામાંથી જલ કાઢયું અને તે જળ છાંટી નગરના બંધ દ્વાર ( દરવાજા ) ઉઘાડ્યા.

૧૦ તપથી વીરપ્રભુએ મહાન્ કર્મોનો ક્ષય કર્યો.

૧૧ તપ ગુણથી વીર પ્રભુએ ધન્ના અણગારની પ્રશંસા કરી.

૧૨ ભાવથી ભરતરાજ આદર્શ ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા.

૧૩ ભાવથી પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ સાતમી નરકના કર્મ દળીયા વિદારી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

૧૪ વચન પાલન માટે હરિશ્ચન્દ્રે રાજ્ય છોડ્યું, અને નીચ ઘેર પાણી ભર્યાં.

૧૫ વિનયથી શ્રેણિક રાજા ચાંડાલ પાસેથી વિદ્યા શીખ્યા.

૧૬ ક્ષમાથી દૃઢપ્રહારી કેવળશ્રીને વર્યા.

૧૭ બ્રહ્મચર્ય ગુણથી કલહપ્રિય નારદજી મોક્ષે ગયા.

૧૮ સંતોષથી પુણીયો શ્રાવક હજુ પણ દ્રષ્ટાંતે દેવાય છે.

૧૯ સામાયિક ગુણથી આકર્ષાઈ શ્રેણિક રાજા પુણીયા શ્રાવકને ત્યાં સામાયિકનું ફળ યાચવા ગયા.

૨૦ સમકિતની મક્કમતાથી વીર પ્રભુએ સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ ક્રોધથી સાધુનો આત્મા ચંડકૌશિક નાગ થયો.

૨૨ ક્રોધથી સ્કંધક મુનિ મરી, અગ્નિકુમાર દેવ થઇ, આખા નગરને પ્રજાળી મૂક્યું. ક્રોધથી દ્વૈપાયન ઋષીએ દ્વારિકાનગરીને બાળી.

૨૩ ક્રોધથી કમઠે મરી શ્રી પાર્શ્વનાથજીને ઉપસર્ગ કર્યો.

૨૪ ક્રોધથી અચ્ચંકારી મહાદુઃખ પામી.

૨૫ ક્રોધથી બ્રહ્મદત્તે બ્રાહ્મણોની આંખો કઢાવી.

૨૬ માનથી બાહુબળજીને એક વર્ષ જ્ઞાન ન થયું.

૨૭ માયાથી મલ્લિનાથજી સ્ત્રી તીર્થંકર થયા.

૨૮ માયાથી લક્ષ્મણા સાધ્વીનું તપ નિષ્ફળ ગયું.

૨૯ લોભથી મમ્મણ શેઠે મરી નરકે પ્રયાણ કર્યું.

૩૦ લોભથી કપિલાદાસીએ દાન ન આપ્યું તે ન જ આપ્યું.

૩૧ લોભ [illegible] સુભૂમ ચક્રવર્તી સાગરમાં ડૂબી નર્કે ગયો.

૩૨ લોભથી ધવળશેઠે શ્રીપાળકુંવરને મારવા અનેકવખત કુયુક્તિઓ રચી.

૩૩ લોભથી કપિલ દ્વિજે રાજાનું સમગ્ર રાજ માગી લેવા ઇચ્છા કરી.

૩૪ લોભથી ભરત બાહુબલી બન્ને ભાઈ ખૂબ લડ્યા.

૩૫ અસત્ય ભાષણથી વસુરાજા, અદ્રશ્ય આસનેથી પડી, મૃત્યુ પામી નરકગામી થયો.

૩૬ પરસ્ત્રીની ઇચ્છાથી રાવણ રણમાં રોળાણો.

૩૭ રાગથી ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન અટકી ગયું.

૩૮ અંતરાયથી રૂષભદેવજી એક વર્ષ આહાર ન પામ્યા.

૩૯ અંતરાયથી ઢંઢણઋષિ છ માસ આહાર ન પામ્યા.

૪૦ વિષયેચ્છાથી રહનેમિ સંયમથી ચલિત થયા.

૪૧ વિષયેચ્છાથી રાવણે સીતાજીનું હરણ કર્યું.

૪૨ વિષયેચ્છાથી દુર્યોધને, દુઃશાસન પાસે દ્રૌપદીજીના ચીર ભરસભામાં ખેંચાવ્યા.

૪૩ વિષયથી ચૂલણીએ સ્વપુત્રને મારવા કાવત્રું રચ્યું.

૪૪ વિષયથી સૂરિકાન્તાએ સ્વપતિને વિષ દીધું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૫ વિષય ભાવનાથી સિંહગુફાવાસી મુનિ કોશ્યાના વચને રત્નકાંબલ લેવા નેપાળદેશે ગયા.

૪૬ રાજ્યલોભથી કોણિક સ્વપિતા શ્રેણિકને પકડી, પાંજરામાં પૂરીને દરરોજ સો કોરડા મારતો.

૪૭ અતિદાનથી બલિરાજા વામનથી બંધાણો.

૪૮ જુગારથી પાંડવો રાજ હારી ગયા.

૪૯ જુગારથી નળરાજાએ રાજ ગુમાવ્યું.

૫૦ શંકાથી મૂલા શેઠાણીએ ચંદનબાળાને દુઃખ દીધું.

૫૧ શંકાથી શ્રેણિકે પોતાનું અંતઃપુર બાળવાનું અભયકુમારને કહ્યું.

૫૨ શંકાથી રાજાએ પોતાની રાણી કલાવતીના કાંડા કપાવ્યા.

૫૩ સાધુવંદના( ૧૮૦૦૦ સાધુને શુદ્ધ ભાવે વંદના )થી કૃષ્ણે ચાર નરકનું કર્મ તોડી નાખ્યું.

૫૪ નરક નીવારણ માટે શ્રેણિક દાસી પાસે દાન દેવરાવવા પ્રયાસ કર્યો, અને એક સામાયિકનું ફળ યાચવા પુણીયા શ્રાવક પાસે ગયા છતાં સર્વમાં શ્રેણિકરાજા નિષ્ફળ થયા.

રાજપાળ મગનલાલ વ્હોરા.

## 'ધર્મ પ્રશંસા.'

શાર્દૂલવિક્રીડિત છંદ–

જ્યાં ગુંજે મુનિભૃંગ રંગ ધરતા ગુંજાર ને જ્ઞાનના,
જ્યાં સત્ શ્રાવક પક્ષીઓ મધુરવો કરતા સદા તાનના;
ખીલ્યા બોધતરુ સુપલ્લવ ધરી સમ્યક્ત્વ પુષ્પે ભર્યા,
તે ધર્મોપવને રહ્યા જન સહુ, સંસાર વારિ તર્યા. ૧

ગીતિ–

સમ્યક્ત્વ સત્ય સદ્ગુણ સામ્ય સદાચાર સર્વ જનસેવા,
સકાર ષટ્ તે સેવો, મળશે તેથી ભવે મધુર મેવા. ૨

સંગ્રાહક સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મકલ્પદ્રુમ: સમશ્લોકી અનુવાદ

## ૧. સમતાધિકાર.

### મંગલ–શાંત રસરાજનું માહાત્મ્ય.

અનુષ્ટુપ્—

જયશ્રી[૧] અંતઃશત્રુની, પામ્યા જેહ પ્રશાંતિએ;
શ્રી વીરજિન તે વંદી, રસ શાંત વિભાવીએ. ૧.

સ્વાગતા—

જેહ મંગલનિધિ મન ઠામે,
વર્ત્તતાં સુખ નિરુપમ પામે;
મુક્તિ સૌખ્ય ઝટ પ્રાપ્ત બુધો રે !
તેહ શાંતરસરાજ ભજો રે ! ૨.

### અભિધેય–વિષય.

આર્યા—

[૧]સમતામાંજ લીન થઇ,
[૨]સ્ત્રી–[૩]પુત્ર–[૪]તન–[૫]ધનની મૂકી મમતા;
[૬]વિષય [૭]કષાય ન વશ થા,
[૮]શાસ્ત્રગુણે કર [૯]મનદમનતા; ૩
[૧૦]વૈરાગ્ય–[૧૧]શુદ્ધધર્મી,
[૧૨]જાણી દેવાદિતત્ત્વ ધરી [૧૩]વિરતિ;
કરી [૧૪]સંવર [૧૫]શુભવૃત્તિ,
[૧૬]સામ્યરહસ્ય ભજ હે સુમતિ ! ૪. (યુગ્મ)

### દુર્ધ્યાન–ભૂત માટે ભાવના–ઔષધિ.

અનુષ્ટુપ્—

ચિત્તબાલ ! મ છોડીશ, ભાવના ઔષધિ કદા;
છલ–વેષી છલે નાંહિ, જેથી દુર્ધ્યાન–ભૂતડા* ૫.

---

૧. પરમ આત્મશાંતિવડે કરીને જેણે અંતરંગ શત્રુવર્ગ પર વિજયલક્ષ્મી પ્રાપ્ત કરી છે, એવા શ્રી વીરજિનને નમસ્કાર કરી અમે શાંતરસનું વિભાવન કરીએ છીએ.

* હે ચિત્તરૂપ બાલક ! તું ભાવના–ઔષધિનો કદી ત્યાગ કરીશ મા ! કે જેથી કરીને છલ શોધનારા દુર્ધ્યાનરૂપ ભૂત તને છળે નહિ.–રૂપક અલંકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિષય સુખબિન્દુ : સામ્ય સુખસિંધુ.

ઉપજાતિ—

નરેંદ્ર ચક્રીંદ સુરેંદ્રનેય,
સૌ ઇંદ્રિયાર્થોથકી સૌખ્ય જેય;
તે સામ્યસિંધુ સમીપે જ બિન્દુ,
તેથી જ તે આદર સૌખ્યસિન્ધુ. ૬.

## ઉદાસીન સુખી.

વંશસ્થ—

વિચિત્ર કર્મોથી જગજ્જનો જહાં,
ત્રિયોગ વ્યાપારથી વ્યાકુલા રહ્યા;
વૃત્તિ [1]ઉદાસીન ધરંત ત્યાં યતિ,
નિરાકુલા સૌખ્ય જ પામતા અતિ. ૭.

## સમતાનું સુખ અપૂર્વ.

સ્વાગતા—

સર્વ પ્રાણી પ્રતિ જો ક્ષણ એક,
મૈત્રી સામ્યથી ભજે મન ! છેક;
તો લહે પર સુખ દ્વય લોકે,
જે કદી ન અનુભૂત ત્રિલોકે. ૮.

## સમતાવંત પરમ યોગી.

ઉપેંદ્રવજ્રા—

ન મિત્ર જેને ન જ શત્રુ કોય,
ન પારકો કોઈ ન કો પરાયો;
સ્વ વિષયોમાં મન નિષ્કષાય,
રમે ન,-તે ઉત્તમ યોગિરાય. ૯.

૧. ઉદાસીન શબ્દનો વ્યુત્પત્તિ અર્થ સદ્દ૦ શ્રી મનઃસુખભાઈ કી.મહેતાએ નીચે પ્રમાણે સુંદર રીતે ઘટાવ્યો છેઃ—

"ઉત્=ઊંચે, જગતના ભાવથી ઊંચે, તે દેખાય તેમ તેથી પર, અલગ, નિરાળા, નિર્લેપપણે; આસ્=બેસવું.

ઉદાસ=ઊંચે, જગત્ના ભાવથી ઊંચે, તે ભાવ દેખાય તેમ તેથી પર, અલગ, નિરાળા, નિર્લેપ, રહીને બેસવું."

**શાંતસુધારસ, મુખમુદ્રા. પૃ૦ ૩૨**

"સમ પરિણામે જગત નિહાળે,-
ઉત્તમ સાધન માર્ગ દેખાડે."–આ ઉદાસીન ભાવ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમતાસાધક ચાર ભાવના.

વંશસ્થ—

સમસ્ત પ્રાણી પ્રતિ મૈત્રી ધાર તું,
પ્રમોદ સર્વે ગુણીમાં બતાવ તું;
[1]ભવાર્ત્ત પ્રત્યે કરુણા વિભાવ તું,
તે નિર્ગુણે રાખ ઉદાસભાવ તું. ૧૦.

ઉપજાતિ—

મૈત્રી બીજામાં હિતબુદ્ધિ માત્ર,
પ્રમોદ તે તો ગુણ પક્ષપાત;
કૃપા ભવાર્ત્તે [2]પ્રતીકાર ઇચ્છા,
માધ્યસ્થ [3]દુર્વાર્ય પ્રાત ઉપેક્ષા. ૧૧.

આર્યા—

પરહિતચિંતન મૈત્રી,
પરદુઃખદલનકારિણી કરુણા;
પરમસુખમોદન મુદિતા,
પરદોષઉપેક્ષણ ઉપેક્ષા. ૧૨.

અનુષ્ટુપ્—

કો પણ મ કરો પાપ, કો પણ દુઃખિયો મ હો;
મુક્ત થાઓ જગત્-એવી, મતિ મૈત્રી કહી અહો! ૧૩.
વસ્તુતત્ત્વજ્ઞ નિર્દોષ, લોકોના ગુણગ્રામમાં;
જે પક્ષપાત તે ભાખ્યો, પ્રમોદ અત્ર શાસ્ત્રમાં. ૧૪.
દીન દુઃખી અને ભીત, જીવિતાર્થી જીવોતણા;
દુઃખદલનની બુદ્ધિ, કહી કારુણ્ય ભાવના. ૧૫.
નિઃશંક ક્રૂરકર્મી ને, દેવાદિ નિંદનારને;
સ્વપ્રશંસક ઉપેક્ષા, તે માધ્યસ્થ્ય બુધો ભણે. ૧૬.

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

૧. સંસારદુઃખથી દુઃખી.
૨. પ્રતીકાર=વિરુદ્ધ-સામો ઉપાય (Remedy, Antidote) દુઃખ દૂર કરવાની ઇચ્છા.
૩. વારી ન શકાય એવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત વાકયો.

૧ આત્માની ઉન્નતિ કરવાને, આત્માની શક્તિ ખીલવવાને અને આત્માના મહાન્ ગુણો અને સદ્ગુણો ખીલવવાને ધાર્મિક જ્ઞાનની અત્યંત જરૂર છે.

૨ સમ્યગ્જ્ઞાન સિવાય સમ્યક્ શ્રદ્ધા થઇ શકે નહિ, સમ્યગ્જ્ઞાન સિવાયની શ્રદ્ધા અંધશ્રદ્ધામાં જાય છે, અને અંધશ્રદ્ધાથી આત્મા શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ કરી શકે નહિ.

૩ નવતત્ત્વના યથાર્થ અભ્યાસ સિવાય તત્ત્વશ્રદ્ધા થવી મુશ્કેલ છે.

૪ શબ્દ અને અર્થ ઉપર વિચાર કર્યા વિના ભાવરૂપ પ્રકાશ બહાર આવતો નથી, અને એ ભાવરૂપ પ્રકાશ બહાર આવ્યા વિના ભાવરૂપ મનુષ્યને યથાર્થ જ્ઞાન થતું નથી.

૫ અસ્થિર ( જડ ) પદાર્થો ઉપર તત્ત્વબુદ્ધિ એટલે સાચાપણાની બુદ્ધિ તે જ અવિદ્યા–અજ્ઞાન.

૬ અધ્યાવસાયની વિશુદ્ધિ અને પૌદ્ગલિક દશાના ત્યાગથી જીવ ( આત્મા ) ઉચ્ચ ઉચ્ચ સ્થાનમાં ચઢી શકે છે.

૭ આત્માનો ઉન્નતિક્રમ હૃદયની ઉચ્ચ વૃત્તિઓના પ્રવર્તનમાંથી જ સાધી શકાય છે.

૮ આત્માનંદ પ્રાપ્ત કરવાની કુંચી ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું સ્વરૂપ સમજી તેમાં રમણુતા કરવી એ છે.

૯ મનુષ્યો પરિણામ ભણી જુવે છે. કારણ ભણી જોવાનો પ્રસંગ માત્ર તત્ત્વજ્ઞો જ મેળવી શકે છે.

૧૦ ગત ભવમાં આપણે જે કૃત્ય કર્યાં હશે તે આજે આ ભવમાં આપણે ભોગવી રહ્યા છીએ અને આવતા ભવ માટેની પણ આજે જ તૈયારી કરી રહ્યા છીએ.

૧૧ આજનું જીવન એ પૂર્વે બાંધેલા કર્મોની પ્રસાદીરૂપ છે, આજના આપણાં સુખ–દુઃખ કે તડકા–છાંયડા એ બધું ય ભૂતકાળની આપણી કરણીનું જ પરિણામ છે, અને ભૂતકાળની કરણી તે જ આજના અનુભવાતાં કર્મો છે.

૧૨ દરેક જીવ પોતપોતાના શુભ અશુભ કર્મનો કર્તા છે અને તે જ તેનો ભોક્તા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ દુઃખનું કારણ જન્મ મરણ, જન્મ મરણનું કારણ કર્મ, કર્મનું કારણ મોહ, મોહનું કારણ રાગદ્વેષ–આ રીતે રાગદ્વેષ આખા સંસારનું મૂળ છે.

૧૪ તપસ્યામાં વિઘ્ન કરનાર મોહ છે, મોહ વિષયોથી ઉત્પન્ન થાય છે અને વિષયો સંતોષમાં વિઘ્નકર્તા છે.

૧૫ જીવને પરલોકમાં જે લેશ્યા મળવાની હોય છે તે લેશ્યા મરણ પહેલાં એક અંતર્મુહૂર્ત વહેલી આવે છે. લેશ્યાઓની રચના એવી હોય છે કે તે જે ગતિમાં જવાનું હોય છે તેવા આકારમાં મૃત્યુની પહેલા જ પરિણત થાય છે.

૧૬ જગતમાં શરીર અને મન સંબંધી દુઃખ પ્રાપ્ત થવાનું કારણ શરીર અને મન જ છે.

૧૭ મન જે જે સ્થિતિઓને વશ વર્તે છે, તે તેના પૂર્વગામી કારણોને લીધે હોઇ આત્મા તે પ્રકારે નથી.

૧૮ મન સ્વતંત્ર નથી પણ આત્મા સ્વતંત્ર છે.

૧૯ જે જેનું ચિંતન કરે તે તદ્રૂપ થઇ જાય. તમે જેવા વિચારો કરો તેવા તમે બનો છો.

૨૦ જેવી જેવી લાગણીથી જે જે કાળે કર્મબંધ કર્યો તેવા તેવા પ્રબળ કે નિર્બળ, તીવ્ર કે મંદ રસે તે કર્મ ઉદયમાં આવે છે, અને તે તે પ્રમાણે સુખદુઃખનો અનુભવ થાય છે.

૨૧ હૃદયના શુભાશુભ વિચારોમાં પ્રથમ રસ, પછી નિશ્ચય–બળ, પછી પ્રયત્ન અને પછી ફળ એમ અનુક્રમે ઉદ્ભવે છે.

૨૨ જેમ રસનો ઘાત થાય છે તેમ સ્થિતિનો પણ ઘાત થાય જ છે.

૨૩ દરેક કાર્યની ઉત્પત્તિ તે તે વસ્તુના કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ એ પાંચ કારણોને આભારી છે.

૨૪ ઇષ્ટ વસ્તુઓમાં મનાતું સુખ જેમ ક્ષણિક છે તેમજ અનિષ્ટ સંયોગથી થયેલું દુઃખ પણ ક્ષણિક છે.

૨૫ દુઃખમાં પ્રસન્નતાનો અનુભવ કરવો અને સુખને સમાન દૃષ્ટિએ–મધ્યસ્થપણે વેદવું એ જ જ્ઞાનીઓનો પ્રબોધેલો માર્ગ છે.

૨૬ જ્યાં જ્યાં પરાધીનતા ત્યાં અલ્પજ્ઞતા અને અલ્પજ્ઞતા ત્યાં પરાધીનતા છે.

૨૭ જ્યારે ઇચ્છા થાય છે ત્યારે તે ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે પ્રવૃત્તિ પણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮ જેઓ શાસ્ત્રકારોએ ગોઠવેલા અનુક્રમે નહિ ચાલતાં ગમે તે રીતે-સ્વચ્છંદે વર્તવા માંડે છે તેઓ જરૂર નિષ્ફળ અને ઉભયભ્રષ્ટ થાય છે.

૨૯ જે જીવન ભાવનામાં પરલોક સંબંધીની જવાબદારી મુખ્યપણે હોય અને મનુષ્યાત્માનું અનંતપણું સ્વીકારતું હોય ત્યાં જ હૃદયપૂર્વકની નીતિ, ન્યાય, સદ્વર્તન, પ્રેમ અને ઉત્તમ વ્યવહારની આશા રાખી શકાય.

૩૦ આ ભવ સિવાય બીજો ભવ છે એવી જે નીતિ સ્વીકારતી નથી તે નીતિવડે પોષાયેલી ભાવનાઓ દેહ ( શરીર ) અને તેના ધર્મો સિવાય બીજે કયાં નજર જ નાંખી શકે ?

૩૧ અનંત જન્મથી કર્મ-કલેશવાળો ગાઢ થએલા આ આત્માનો તે કર્મકલેશથી જે રીતે છૂટકારો થાય તથાપ્રકારનો પ્રયત્ન તે પરમાર્થ છે અર્થાત્ તે જ સ્વાર્થ-આત્માર્થ છે.

૩૨ સમ્યગ્ જ્ઞાન થવા માટે રાગ તે પ્રશસ્ત રાગ છે, અને દ્વેષ અપ્રશસ્ત છે.

૩૩ અશુભ( મિથ્યાત્વ, અવિરતિ પ્રમુખ દોષો )ને તજવા માટે દ્વેષ કરવો તે પ્રશસ્ત દ્વેષ છે, કારણ કે તેવા દોષો પર દ્વેષ આવ્યા વિના તેનો ત્યાગ થાય નહિ.

૩૪ આ લોકના સ્વાર્થ માટે ઉત્તમ યતિ યા ધર્મ ઉપર જે રાગ થાય તેને અપ્રશસ્ત રાગ કહેવાય છે.

૩૫ સર્વ પુદ્ગલ દ્રવ્ય પરકીય છે, એમ જે જાણે નહિ તેને આત્મસ્વભાવની પ્રાપ્તિ ન થાય.

૩૬ જ્યારે પદાર્થનો સૂક્ષ્મ અર્થ જાણુવામાં આવતો નથી ત્યારે જીવને મહાદુઃખ ઉત્પન્ન થાય છે, કારણ કે યથાર્થ વસ્તુ જાણવાની ઈચ્છા પ્રમાણે જાણુવામાં ન આવે તો તેથી જીવને આકુળતા થાય છે તે જ દુઃખ જાણવું. એ દુઃખ વસ્તુનો સૂક્ષ્મ અર્થ નહિ જાણવાથી થાય છે માટે અજ્ઞાનરૂપ જ છે.

૩૭ મમતાનો ત્યાગ અને સમતાનો સ્વીકાર, બાહ્ય આત્મભાવનો ત્યાગ અને અંતર આત્મભાવનો સ્વીકાર તે જ ખરેખરો **ત્યાગ** છે.

૩૮ લોકવ્યવહાર-લોકસંજ્ઞાને-જે તજે છે-લાત મારે છે તે જ મુનિ આત્માનું હિત સાધી શકે છે.

૩૯ જિનેશ્વરોએ સર્વથા એકાંતપણે કાંઇ કોઇની પણ અનુજ્ઞા કરી નથી તેમજ કાંઇ કોઇનો પણ સર્વથા નિષેધ કર્યો નથી; પરંતુ કાર્યને વિશે દંભ રહિત થવું એવી જ જિનેશ્વરની આજ્ઞા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૦ નિમિત્તાવલંબી સેવા તે **અપવાદ સેવા** અને તે સેવા કરતા સાધ્ય નીપજાવવું તે **ઉત્સર્ગ સેવા.**

૪૧ આચારવિચારનું જાણવું તે **જ્ઞાન**, તત્ત્વની રુચિ થવી–તત્ત્વ રુચવા તે **દર્શન** ( સમ્યક્ત્વ ) અને તપશ્ચર્યા કરવી, વ્રતો ધારણ કરવા તે **વ્યવહાર ચારિત્ર** આદિ છે.

૪૨ આત્મા આત્માવડે આત્મ તરફ પ્રવૃત્તિ કરે તે **નિશ્ચય ચારિત્ર**, આત્મા આત્માવડે આત્માને જાણે તે **નિશ્ચય જ્ઞાન**, આત્મા આત્માવડે આત્માને જુવે તે **નિશ્ચય દર્શન**. વ્યવહાર છે તે સાધન છે, અને નિશ્ચય છે તે સાધવા યોગ્ય સાધ્ય છે.

૪૩ ઉત્તમ આચારમાં તત્પર થયેલા માણસોને જોઇને તેઓની શુદ્ધ પ્રશંસાપૂર્વક તે સદાચારને કરવાની ઈચ્છા તેનું નામ **સદ્ધર્મરાગ** છે અને તે મોક્ષનું બીજ છે, પણ ધર્મમાત્રને અંગીકાર કરવારૂપ ધર્મરાગ મોક્ષનું બીજ નથી.

૪૪ મોક્ષનો આશય પણ નિબિડ અને નિર્મળ એવું છેલ્લું પુદ્ગલ-પરાવર્તન હોય છે. તે થાય છે ત્યારે તેના ઉપાયના રાગની વાત જ શી ?

૪૫ છેલ્લા પુદ્ગલપરાવર્તનનો કાળ જ્યાં સુધી ન આવ્યો હોય ત્યાં સુધી બીજની સંપત્તિ પણ હોઇ શકતી નથી, કેમકે મનોહર એવી તે બીજની સંપત્તિ પણ ભવાભિનંદાની નિવૃત્તિથી મળે તેવી છે.

૪૬ અલુબ્ધ ભાવથી ઘરમાં વસતા એવા પણ શ્રાવકના ભાવ રોગો ચાલ્યા જાય છે અને કરેલ છે સર્વનો ત્યાગ જેણે એવા લાલચુ સાધુના તે રોગો ઊલટા વિકાર પામે છે.

૪૭ અધ્યાત્મ ( આત્માને શુદ્ધ જણાવનારો જે બોધ ) તેના વિના શાસ્ત્ર-જ્ઞાન પણ સંસારને વધારનારું છે. એ જ્ઞાન વિના બીજા શાસ્ત્રોનું પઠનાદિક માત્ર કષ્ટરૂપી ફળને દેનારું છે, એમ અધ્યાત્મ યોગીઓ કહે છે.

૪૮ જે ક્રિયાઓ કેવળ નિશ્ચયને વિશે જ તન્મય થયેલા મુનિઓને અતિ-પ્રયોજનવાળી નથી તે જ ક્રિયાઓ વ્યવહારદશામાં રહેલા પ્રાણીઓને અત્યંત ગુણકારક છે.

૪૯ જે આત્મા અનાદિના પુદ્ગલ પર નિમિત્ત પામીને બંધ પદ્ધતિ કરે છે તે જો પુદ્ગળરૂપ પરનિમિત્ત મૂકે તો મુક્ત થાય.

૫૦ આ જગતમાં આત્મહિતઇચ્છક મનુષ્યને પ્રાપ્ત કરવાની વસ્તુ બે જ છે: ઉપશમ સુખ અને અંતઃકરણની સમાધિ. એ બેની અંદર કાર્ય કારણ ભાવ પણ રહેલો છે. ઉપશમ સુખથી અંતઃકરણની સમાધિ પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૧ આત્માના પરિણામની ચંચળતા તે જ **ભય** છે, તેનો ત્યાગ કરીને આત્માનો સ્થિર પરિણામ કરવો તે જ **અભય** છે. પરમાત્માના ગુણો ઉપર અરુચિભાવ તે જ **દ્વેષ** જાણવો, પ્રભુના ગુણો ઉપર અત્યંત રુચિ થવી તે **અદ્વેષ** ગુણ જાણવો, પ્રભુના ગુણોની પ્રાપ્તિ કરવા અર્થે પ્રવૃત્તિ કરતા જે થાક લાગે છે તે **ખેદ** જાણવો અને પરમાત્માના ગુણોની પ્રાપ્તિ કરવા અર્થે પ્રયત્ન કરતાં થાકી ન જવું તે **અખેદ** જાણવો.

૫૨ આ જીવ જે હેતુવડે શુદ્ધ થાય તે જ તેનું હિત છે, તે જ તપ છે અને તે જ વિજ્ઞાન છે.

૫૩ આત્મા અમુક હેતુથી શુદ્ધ થાય અને બીજા હેતુથી શુદ્ધ ન થાય આ કદાગ્રહ છેઃ જિનેશ્વર ભગવાને આત્માને વિશુદ્ધ થવાના અસંખ્ય માર્ગો પોતાના જ્ઞાનમાં દેખ્યા છે તેમાંથી તમારા દર્દને જે દવા ( ઉપાય ) લાગુ પડે તે લાગુ પાડો.

૫૪ આત્મદૃષ્ટિ થયા સિવાય ઇચ્છાના બીજનો નાશ થતો નથી.

**સંગ્રાહક મુમુક્ષુ મુનિ.**

**સાચા** ધર્મગુરુમાં શાસ્ત્રરહસ્યજ્ઞાન, પવિત્ર આચરણ અને શુદ્ધ હેતુ એ ત્રણ ગુણ હોવા જોઇએ. કેટલાક લોકો કહે છે કેઃ ગુરુના આચાર અને ગુપ્ત વર્તનનો વિચાર આપણે શા માટે કરવો જોઇએ ? આપણે તો માત્ર તે જે ઉપદેશ આપે તેનો જ વિચાર કરવો જોઇએ, પરંતુ તેમનું એ કથન યથાસ્થિત નથી. આત્માની શુદ્ધિ થયા વિના પરમાત્માના દર્શન કિંવા દિવ્યજ્ઞાન–અતીંદ્રિય જ્ઞાનની એક કોડી માત્ર પણ પ્રાપ્ત થવાનો સંભવ નથી. જેમનામાં આધ્યાત્મિક શક્તિ ન હોય તે બીજાનો ઉદ્ધાર શી રીતે કરી શકે ? ગુરુનાં મનમાં પરમાર્થ જ્ઞાનની એવી બલવતી લહરીઓ આવવી જોઇએ કે ( ચંદ્રોદય થતાં જ સમુદ્રમાં ભરતી આવે છે તેમ ) પ્રેમના વેગથી તેનું અંતઃકરણ શિષ્યના અંતઃકરણને પકડી શકે. શિષ્યમાં રહેલી બુદ્ધિમત્તા અને તેના ગુણોને કેવળ ઉત્તેજન આપવું એટલું જ ગુરુનું કર્તવ્ય નથી, પણ તેના આત્માની થોડીઘણી પણ ઉન્નતિ તો કરવી જ એ તેનું પ્રધાન કર્તવ્ય છે. સત્ય અને ગુણવિશિષ્ટ એવો એક પ્રકારનો પ્રવાહ ગુરુના મનમાંથી નીકળીને શિષ્યના મનમાં જતો હોય છે માટે ગુરુ પવિત્ર જ હોવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## ભાવનગરમાં ઉજવાયેલ બે જયંતીઓ.

(૧) ભાદરવા શુદ ૧૧ ના રોજ **શ્રી વિજયધર્મ પ્રકાશક** સભા તરફથી સૂરિસમ્રાટ આચાર્ય શ્રી **હીરવિજયજી**સૂરીશ્વરજી મહારાજની જયંતિ શ્રી મોટા જિનાલયના ઉપાશ્રયમાં ગાંધી **વલ્લભદાસ** ત્રિભુવનદાસના પ્રમુખપણા નીચે ઉજવાઇ હતી.

પ્રથમ આમંત્રણ પત્રિકા વંચાયાબાદ ઉક્ત **સંસ્થાના** ઉપપ્રમુખ **ચત્રભુજ** જેચંદભાઇ શાહ બી.એ. એલએલ. બી.એ. સૂરીશ્વરજી મહારાજનું જીવનવૃત્તાંત વિસ્તારથી કહી સંભળાવ્યું હતું. ત્યારબાદ શ્રીયુત **શેઠ કુંવરજી** આણંદજીએ પ્રાસંગિક વિવેચન કર્યાબાદ પ્રમુખે યોગ્ય ઉપસંહાર કર્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો.

---

(૨) પૂજ્યપાદ આચાર્ય શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજની જયંતી ભાદરવા શુદ ૧૪ ના રોજ સવારના નવ વાગે શ્રી વડવા ઉપાશ્રયમાં ઉપાધ્યાયજી મહારાજ શ્રી **ધર્મવિજયજી** મહારાજના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. શરૂઆતમાં માસ્તર **શામજી** હેમચંદે આચાર્ય મહારાજનું જીવનવૃત્તાંત વિસ્તારપૂર્વક કહી બતાવ્યું હતું. ત્યારબાદ શ્રીયુત જીવરાજભાઇ ન્યાયાધીશ, શ્રીયુત **ગાંધી વલ્લભદાસ** ત્રિભુવનદાસે તથા શ્રીયુત શેઠ **કુંવરજી** આણંદજીએ પ્રાસંગિક વિવેચનો કર્યા બાદ **ઉપાધ્યાયજી** મહારાજે ઉપદેશપૂર્વક ઉપસંહાર કર્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો. સાંજના થી થીઑસૉફિકલ લોજમાં જયંતીનો મેળાવડો ગોઠવવામાં આવ્યો હતો. પ્રથમ **કમળા** બ્હેન ઠક્કરે ગદ્યપદ્યમાં જયંતીનાયકનું અસરકારક વૃતાંત કહ્યાબાદ પ્રોફેસર સાહેબ રવિશંકરભાઇ જોશી એમ. એ. એ વિદ્વત્તાપૂર્ણ વિવેચન કર્યું હતું. ત્યારબાદ મેળાવડો પૂર્ણ થયો હતો.

---

આ વખતે કરાંચીમાં ચાતુર્માસ બિરાજમાન પૂજ્યપાદ શ્રી **વિદ્યાવિજયજી** મહારાજે ગુરુરાજની જયંતી અપૂર્વ રીતે ઉજવી હતી જે " જૈન જ્યોતિ "ના જયંતી અંકમાં વિસ્તારપૂર્વક પ્રકટ થયેલ છે.

---

## આચાર્યશ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજશ્રીની જયંતિ.

આસો શુદિ ૧૦ ને શુક્રવારના રોજ આચાર્ય મહારાજશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ હોવાથી ગુરુભક્તિ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી અત્રેના મુખ્ય જિનાલયમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિકૃત પંચપરમેષ્ઠીની પૂજા ભણાવવામાં આવી હતી.

બપોરના બાર વાગે સભા તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાઇ કાન્તિલાલનો સ્વર્ગવાસ.

શુમારે એકવીશ વર્ષની ઉમરે એક માસની બિમારી ભોગવી ભાઇ કાન્તિલાલ અત્રે ભાદરવા શુદ ૫ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ ખાનદાન કુટુંબમાં જન્મ્યા હતા. તેઓ શ્રદ્ધાળુ, સરલ, મિલનસાર હતા. વાંચનનો અતિ પ્રેમ હોવાથી આ સભાની લાઇબ્રેરીનો સારો લાભ લેતા હતા તેમના પિતાશ્રી ઘણા વર્ષોથી આ સભાના સેક્રેટરી છે. તેમને આવા સુશીલ યુવાન પુત્રના સ્વર્ગવાસથી ઘણો આઘાત થયો છે ભાવી બળવાન છે. આવી સુગંધી કળીગો ખીલ્યા અને સમાજને સુવાસ આપ્યા સિવાય ચાલી જાય છે તે ખેદનો વિષય છે તેમના પિતાશ્રી હરજીવનદાસ અને બંધુઓ વગેરેને દિલાસો દેવા સાથે તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## ભાવસાર અમૃતલાલ જીવરાજનો સ્વર્ગવાસ.

ભાઇ અમૃતલાલ કેટલાક વખતથી બિમારી ભોગવી ભાદરવા વદિ ૭ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ ધર્મશ્રદ્ધાળુ અને સરલહૃદયી તેમજ મિલનસાર હતા. આ સભાના તેઓ કેટલાક વખતથી સભ્ય થયા હતા. સભા પરત્વે પ્રેમ ધરાવતા હતા. તેઓના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## બાબુસાહેબ રાયકુમારસિંહજી સાહેબનો સ્વર્ગવાસ.

કલકત્તા શહેરમાં લાખો રૂપિયા ખરચી અદ્‌ભુત અને અજોડ જૈન મંદિર બંધાવનાર, વાઇસરોયના ખાસ ઝવેરી, જૈન કોમના કલ્યાણની ઉત્કટ ભાવના ધરાવનાર બંગાળના સુપ્રસિદ્ધ ઝવેરી બાબુસાહેબ બદ્રીદાસજી સાહેબના મોટા પુત્ર રાયકુમારસિંહજી સાહેબ તા. ૧૬–૯ ૩૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. શ્રીરાયકુમારસિંહજી સાહેબ આપણી જૈન કોન્ફરન્સના જનરલ સેક્રેટરી, શેઠ આણંદજી કલ્યાણજી અને બીજી અનેક જૈન સંસ્થા સાથે સંબંધ ધરાવતા હતા દેવ–ગુરૂ-ધર્મના ઉપાસક, ધર્મશ્રદ્ધાળુ, પૂજ્ય પિતાને પગલે ચાલનાર માયાળુ, મિલનસાર, સરલહૃદયી હતા આ સભા ઉપર ને તેની કાર્યવાહી ઉપર સંપૂર્ણ માન અને પ્રેમ હોવાથી ઘણા વર્ષોથી તેઓ સાહેબ લાઇફમેમ્બર થયા હતા. તેઓના સ્વર્ગવાસથી જૈન સમાજ અને આ સભાને ખરેખરા શ્રાવક નરરત્નની ખોટ પડી છે. જાણવા પ્રમાણે મૃત્યુ પહેલા કેટલા દિવસ ઉપર પોતાની પંચત્વ પામવાની તારીખ અને સમય અને પોતાનો આત્મા ઉચ્ચ ગતિ પામશે તેવી આગાહી કરી હતી. તેઓશ્રીના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીયુત મૂળચંદ કરશનનો સ્વર્ગવાસ.

શ્રી મૂળચંદભાઇ શુમારે ૭૧ ની વર્ષની વૃદ્ધાવસ્થાએ થોડા દિવસ બીમારી ભોગવીને ભાદરવા વદિ ૦))ને વાર સોમ ના રોજ પંચત્વ પામેલ છે. તેઓ ખાનદાન કુટુંબમાં જન્મ્યા હતા અને સારા વેપારી હતા. મિલનસાર, માયાળુ અને શ્રદ્ધાળુ જૈન ગૃહસ્થ હતા આ શહેરના જૈન સંઘમાં અગ્રેસરો પૈકીના એક હતા આ સભા ઉપર તેઓનો પ્રેમ હોવાથી શુમારે ત્રીશ વર્ષથી સભાના લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓના જ્યેષ્ઠ પુત્ર શ્રી વિઠ્ઠલદાસભાઇ વિગેરે કુટુંબીવર્ગને દિલાસો દેવા સાથે તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

## છેલ્લા પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. | ૩-૮-૦ | ૬ શ્રી જૈન મેઘદૂત | ૨-૦-૦ |
| ૨ શ્રી વસુદેવ હિંડિ ,, દ્વિતીય અંશ | ૩-૮-૦ | ૭ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય | ૩-૦-૦ |
| ૩ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૧ ભાગ | ૪-૦-૦ | ૮ ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા | ૦-૪-૦ |
| ૪ શ્રી બૃહત્ કલ્પસૂત્ર(છેદસૂત્ર) ૨ ભાગ | ૬-૦-૦ | ૯ યોગદર્શન તથા યોગવિંશિકા હિંદી ભાષાંતર સાથે | ૧-૮-૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ | ૨-૮-૦ | ૧૦ ચેઇવંદણ મહાભાસં | ૧-૧૨-૦ |

## છપાતાં ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग ४ श्री गुणचंद्रसूरिकृत श्री महावीर चरित्र भाषांतर
५ पांचमो छट्ठो कर्मग्रंथ. ६ श्री बृहत्कल्प भाग ३-४

## શ્રીસ્તોત્રસંદોહ

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્ય કૃત દશ સ્તોત્ર, મળી કુલ ૧૯ સ્તોત્રો, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલ છે ઊંચા કાગળો, જૈનો સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલ. સુશોભિત બાઇન્ડીંગ અને શ્રી મહાવીર-સ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુમહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિનિમિત્તે સાથે આપવામાં આવેલ છે, આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, અને આટલી છબીઓ અને સુંદરતા છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના. ( પોસ્ટેજ જુદુ ) રાખેલ છે. પર્યુષણાપર્વ નજીક આવતા હોવાથી પ્રભાવના કરવા લાયક છે. નિત્ય સ્મરણ કરવા લાયક હોવાથી લાભ લેવા જેવું છે.

લખોઃ—શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Reg. No. B 431.

બંને ભાગોની થોડી નકલો સીલીકે છે—

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણો જ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬–૦–૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

---

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.